ગાંધીનગર સમાચાર
તા. ૯-૮-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### મહિલાઓ સાથે પાર્ટીનું પણ સશક્તીકરણ

સ્ત્રી પોતે શક્તિનું સ્વરૂપ છે. સમાજ એને અબળા કહી ઉતારી પાડતો રહ્યો છે અને એ યુગે યુગે સબળા બનીને એની હાજરી નોંધાવતી રહી છે. ભારતના ઈતિહાસમાં સૌથી યાદગાર રાષ્ટ્રીય નેતા તરીકે ઈન્દિરા ગાંધીનું નામ સુવર્ણાક્ષરે અંકિત થઈ ગયું છે. પાકિસ્તાનની આખેઆખી એક પાંખ તોડી નાખવાનું પરાક્રમ આ મહિલા વડાપ્રધાનની ખાતે જમા થયેલું છે. દેશનાં મહિલા મુખ્યમંત્રીઓ પૈકી મમતા બેનરજી, માયાવતી અને જયલલિતા જયરામ પોતાપોતાની રૂએ આગવું મહત્ત્વ ધરાવે છે. મીરાબાઈ કક્ષાની સમર્પિત કવયિત્રી કદાચ દુનિયાભરમાં દીવો લઈને શોધવા જતાં પણ જડે કે કેમ તે પ્રશ્ન છે. ગુજરાતના મુખ્યમંત્રી પદે આનંદીબેન પટેલનું રાજયારોહણ ભલે નરેન્દ્રભાઈ મોદીની શુભેચ્છાનું પરિણામ હોય પરંતુ મહિલા મુખ્યમંત્રીએ એમના પ્રારંભિક શાસનકાળમાં જ આગવી પ્રતિભા અને અનેરી કાર્યદક્ષતાનો અહેસાસ કરાવી દીધો છે, એની નોંધ તો લીધે જ છૂટકો. એમણે પદભાર સંભાળતાંવેંત મહિલા સશક્તીકરણનો કાર્યક્રમ હાથ ધર્યો છે. સ્ત્રીઓ પણ વહીવટ કરી શકે છે, તો પછી એમને જાહેરજીવનથી કયાં સુધી દૂર રાખશો? રાજીવ ગાંધીએ તેત્રીસ ટકા મહિલા અનામતની તરફેણ કરેલી, એનો વિધાનસભા અને લોકસભામાં તો પુરૂષવાદી નેતાઓ આજ પર્યંત અમલ નથી કરી શકયા, પરંતુ આનંદીબેને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સીધો જ પચાસ ટકા મહિલા અનામતનો અમલ કરવાની શરૂઆત કરી દીધી છે. એ જ રીતે મહિલા પોલીસની ભરતી વિષયક નિર્ણય લીધો છે. સ્ત્રીઓનાં કુપોષણના મુદ્દે ગુજરાત વગોવાતું રહ્યું છે. મહિલા મુખ્યમંત્રીએ એ મુદ્દે ગંભીર પગલાં લીધા છે. ઠેર ઠેર આ વિશ સેમીનારો અને સંમેલનો યોજાઈ રહ્યાં છે. મહિલા બાળ કલ્યાણ વિષયક યોજનાઓનો ત્વરિત અમલ થવા લાગ્યો છે. મહિલાઓ માટે આનંદીબેન એમના કાર્યકાળમાં કંઈક એવી નક્કર કામગીરી કરી જવા ઉત્સુક છે કે જેથી આગામી દાયકાઓ સુધી એમને યાદ કરવા પડશે. પોતે એક ખેડૂત પરિવારનાં દીકરી છે. એમને મહિલા ખેડૂત સંમેલનનું ભવ્ય આયોજન કરી ખેતી સાથે સંકળાયેલી ગ્રામીણ સ્ત્રીઓનું સ્વાભિમાન જગાડ્યું છે. હમણાં મહેસાણા ખાતે યોજાયેલ પશુપાલક મહિલાઓનાં સંમેલનમાં જે સૂર ઉઠ્યો એની પણ મહિલા મુખ્યમંત્રીએ નોંધ લીધી જ હશે. ગાય-ભેંસ પાળનાર પરિવાર આર્થિક દૃષ્ટિએ તો સુખી બની શકે છે પરંતુ એનો સામાજિક દરજ્જો હવે ઊભરતી કક્ષાનો ગણાવા લાગ્યો છે. નોકરી-ધંધા સાથે સંકળાયેલા વર અને મળવાની શક્યતા હોય ત્યાં સુધી આવા પરિવારોમાં કોઈ દીકરી પરણાવવા તૈયાર નથી થતું. આ મુદ્દે આનંદીબેનને લોકજાગૃતિની ચળવળ ઉપાડવવી જોઈએ. ખેતી અને પશુપાલનને હલકાં ગણવાની મનોવૃત્તિમાંથી લોકો વહેલી તકે બહાર આવે તે જરૂરી છે. સ્ત્રી ભ્રૂણહત્યા, દીકરી વધાવો-ભણાવો જેવા કાર્યક્રમો ઉપરાંત ઘેર ઘેર ફરજિયાત શૌચાલયની અનિવાર્યતાના મુદ્દે મહિલા મુખ્યમંત્રીની ચિંતા વાજબી છે. એમને જેના ઘરમાં શૌચાલય ન હોય તે વ્યક્તિ ચૂંટણી ન લડી શકે, એ પ્રકારનો કાયદો અમલી બનાવવાનું નક્કી કર્યું તે ખૂબ આવકારદાયક અને પ્રગતિશીલ સમાજ સુધારક પગલું છે. સ્ત્રી સશક્તીકરણની વ્યાપક ઝુંબેશની સમાંતરે 'પાર્ટી સશક્તીકરણ'નો કાર્યક્રમ પણ પૂરજોશમાં ચલાવી રહેલાં મહિલા મુખ્યમંત્રી ભારતીય જનતા પાર્ટી માટે અસ્કામત રૂપ પુરવાર બની રહેશે. ગુજરાતમાં કોંગ્રેસનું 'અશક્તીકરણ' સૌથી વધારે તો નરેન્દ્રભાઈના શાસન દરમિયાન નોંધાયું હશે, પરંતુ નરેન્દ્રભાઈનું 'કોંગ્રેસમુક્ત ગુજરાત'નું સપનું આનંદીબેન સાકાર કરી રહ્યાં છે!

## એ. એ. પટેલ કોમર્સ એન.એસ.એસ. યુનિટ દ્વારા રાખી કોમ્પ્ટીશન યોજાઈ



ગાંધીનગર, તા. ૮ રક્ષાબંધનના તહેવારને ગણતરીના દિવસો બાકી છે ત્યારે અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ એન.એસ.એસ. યુનિટ દ્વારા રાખી કોમ્પીટીશન રાખવામાં આવી હતી. જેમાં ૨૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રાખડીઓ ગરીબ વિસ્તારના બાળકોને બાંધવામાં આવશે.

શહેરના સેકટર-૨૩માં આવેલ અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. યુનિટના વિદ્યાર્થીઓ વચ્ચે રાખી કોમ્પ્ટીશન રાખવામાં આવી હતી. સ્પર્ધામાં યુનિટના ૨૬ વિદ્યાર્થીઓએ ભાગ લઈ કલાત્મક રાખડીઓ બનાવી હતી. વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે નવું જાણે અને કલા વિશેની સમજ કેળવે તે હેતુથી સ્પર્ધા યોજવામાં આવી હતી.

રાખી સ્પર્ધામાં કુલ ૨૬ વિદ્યાર્થીઓએ ૫૨ કલાત્મક રાખડીઓ બનાવી હતી. સૌથી સુંદર અને કલાત્મક રાખડી બનાવનાર એફ.વાય.ડી.ની અસ્મિતા પટલને પ્રથમ, એફ.વાય.ડી.ની રિયા પટેલ બીજા અને એફ.વાય.એ.ની મયુરી વેકરિયાએ ત્રીજું સ્થાન મેળવ્યું હતું. આ રાખડીઓને વિદ્યાર્થીઓ દ્વારા ગરીબ વિસ્તારના બાળકોની કલાઈ ઉપર બાંધવામાંઆવશે મોંઘવારીના સમયમાં વિદ્યાર્થીઓ ગરીબ બાળકોના મુખ ઉપર સ્મિત રેલાવવાનું પણ કાર્ય કરશે. સ્પર્ધાનું આયોજન ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું અને તેમાં પ્રાણ પુરવાનું કાર્ય એન.એસ.એસ. સેક્રેટરી વૈશાલી પટેલ, તન્વીર મલેક અને ધ્રુવ પટેલે કર્યું હતું. ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રિન્સિપાલ ડૉ. જે.જે. ભટ્ટ, ડૉ. વિજ્ઞાબેન ઓઝા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.



## આદર્શ નિવાસી કન્યા શાળા, સેક્ટર-૮ ખાતે સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૮ લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સર્વોત્કર્ષ સેવા સંસ્થાનના સહયોગથી આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે સ્ટ્રેટ મેનેજમેન્ટનો ત્રિદિવસીય વર્કશોપ યોજાઈ ગયો. ગત તારીખ ૫ થી ૭ ઓગષ્ટ, ૨૦૧૪ દરમ્યાન યોજાયેલા આ વર્કશોપમાં શાળાની ધોરણ.૧૦ અને ૧૨ ની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. લાયોનેસ ક્લબનાં પ્રમુખ શ્રીમતી ચંદાબહેન યાદવ, સેક્રેટરી શ્રીમતી ડિમ્પલબહેન દેસાઈ, ટ્રેઝરર શ્રીમતી દક્ષાબહેન જાદવ અને પ્રોજકટ ઈન્ચાર્જ શ્રીમતી નીતાબહેન રાણા, શાળાનાં આચાર્યા શ્રીમતી કુસુમબહેન ચૌહાણ, રેક્ટર શ્રીમતી રેણુકાબહેન ગામીત વગેરેએ ઉપસ્થિત રહી દીપ પ્રાગટ્ય દ્વારા વર્કશોપનો પ્રારંભ કરાવ્યો હતો.

શાળાના આચાર્યા શ્રીમતી કુસુમબહેને અતિથિઓને આવકારતાં વિદ્યાર્થીનીઓની સર્વાંગીણ ઉન્નતિ માટે શાળા દ્વારા થઈ રહેલી પ્રવૃત્તિની માહિતી આપી હતી. આ વર્કશોપમાં વિષય નિષ્ણાત તથા સર્વોત્કર્ષ સેવા સંસ્થાનનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થીઓને સ્ટ્રેસ ઉત્પન્ન કરતા કારણો તથા તેના નિવારણના વૈદિક ઉપાયો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને અભ્યાસ દરમ્યાન વિષય ન સમજમાં આવવાથી ઉત્પન્ન થતા સ્ટ્રેસને દૂર કરવા શું કરવું જોઈએ, ભણેલા વિષયો યાદ ન રહેતા હોય અને તેને કારણે સ્ટ્રેસ ઉત્પન્ન થાય તો શું કરવું જોઈએ વગેરે વિષયો ઉપર વિસ્તારથી સમજણ આપી હતી.

યોગ નિષ્ણાત શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ વિદ્યાર્થી જીવનમાં સફળ થવાના ઉપાયો વિશે માર્ગદર્શન આપવાની સાથે સ્ટ્રેસને દૂર કરવા ઉપયોગી એવા ધ્યાનનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપ્યું હતું. માનવ મસ્તિષ્કને વધારે કાર્યક્ષમ બનાવવામાં પ્રાણાયામ કઈ રીતે ઉપયોગી થાય છે તેની સમજ આપી પ્રાણાયામનો અભ્યાસ પણ કરાવ્યો હતો. અંતિમ સત્રમાં યોગાભ્યાસી શ્રી ગમનભાઈ પટેલે પણ ઉપસ્થિત રહી વિદ્યા પ્રાપ્ત કરવાની પ્રાચીન વૈજ્ઞાનિક પદ્ધતિ ઉપર સંક્ષિપ્તમાં સમજ આપી હતી.

સ્ટ્રસ મેનેજમેન્ટનાં વર્કશોપના અંતિમ સત્રમાં સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે શિક્ષણ જગત સાથે સંકળાયેલા જાણીતા સમાજસેવી શ્રી અજમલભાઈ આર્ય ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે વિદ્યાર્થીનીઓને સરસ્વતીની સાચી ઉપાસના કરી કેવી રીતે સફળ થવાય તે અંગ માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે લાયોનેસ ક્લબનાં પૂર્વ પ્રમુખ શ્રીમતી મમતાબહેન રાવલે વિદ્યાર્થીનીઓને પૂરી એકાગ્રતાથી, તન્મયતાથી દરેક કાર્ય કરવા પ્રેરણા આપી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને ત્રણ એસ અર્થાત હેન્ડ, હેડ અને હાર્ટ આ ત્રણને સાથે રાખીને સભાનતાપૂર્વક કાર્ય કરવા શીખ આપી હતી.

સમાપન પ્રસંગે પોતાના વકતવ્યમાં શ્રી અરવિંદભાઈ રાણાએ જણાવ્યું હતું કે સમસ્યાઓનું સમાધાન કરતા ન આવડતું હોવાથી તથા ખોટી માન્યતાઓના કારણે આપણે સ્ટ્રેસ ઉત્પન્ન કરતા હોઈએ છીએ. તેમણે વિદ્યાર્થીઓને અભ્યાસ સંબંધિત સમસ્યાઓનું સમાધાન કેવી રીતે કરવું તેની માહિતી આપી હતી. માતાપિતા તથા ગુરુજનો પ્રત્યે મનમાં આદરભાવ સતત બનેલો રહે તે માટે કેવી રીતે વિચારવું જોઈએ તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

વર્કશોપના પ્રતિભાવ આપતા શાળાની વિદ્યાર્થીનીઓએ તણાવમુક્ત અભ્યાસમાં શિબિર દરમ્યાન મળેલ જ્ઞાન ખૂબ ઉપયોગી થશે અને તેઓ પોતાની દિનચર્યામાં તથા વિચારસરણીમાં જરૂરી ફેરફાર કરશે તેવો સંકલ્પ દહોરાવ્યો હતો. સમાપન સમારોહનાં સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન તથા આભારવિધિ શાળાની ધોરણ ૯ ની વિદ્યાર્થીનીઓ કુ. પલક સિંધવ અને કુ. મનિષા મકવાણાએ કર્યું હતું. સમાપન પ્રસંગે અંતમાં શિક્ષક શ્રી વિપુલ સી. ઉપાધ્યાયે પણ સૌનો આભાર માન્યો હતો.




## હરિની દૃષ્ટિ...




ગાન્ડા... આવું લખવાનું ક્યા કહ્યું હતું, કાપલી બરાબર વાંચ..!!



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં કેટલામી કોમનવેલ્થ ગેમ્સ યોજાઈ હતી?
➜ **૨૦મી**

૨. ૨૦૧૪માં યોજાયેલ કોમનવેલ્થ ગેમ્સમાં કુલ કેટલા દેશોના રમતવીરોએ ભાગ લીધો હતો?
➜ **૭૧ દેશ**

૩. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સનો ઉદ્‌ઘાટન સમારોહ કયાં સ્ટેડિયમમાં યોજાયો હતો?
➜ **સેલ્ટિક પાર્ક (ગ્લાસગો)**

૪. ૨૦૧૪માં આયોજીત કોમનવેલ્થ ગેમ્સ કેટલા દિવસ ચાલ્યો હતો?
➜ **૧૧ દિવસ**

૫. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સની પરેડમાં ભારતીય દળનું નેતૃત્વ કોણે કર્યું હતું?
➜ **શૂટર વિજયકુમાર**

૬. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સના પ્રારંભે યોજાયેલી પરેડમાં ભારતનું સ્થાન કેટલામું હતું?
➜ **પ્રથમ**

૭. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સને કોના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો?
➜ **ઇંગ્લેન્ડની રાણી એલિઝાબેથ દ્વિતીય**

૮. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ મુજબ માનવ વિકાસ ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ કેટલામો છે?
➜ **૧૩૫**

૯. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ મુજબ માનવ વિકાસ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે કયો દેશ છે?
➜ **નોર્વે**

૧૦. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ મુજબ માનવ વિકાસ ઈન્ડેક્સમાં દ્વિતીય ક્રમે કયો દેશે છે?
➜ **ઓસ્ટ્રેલિયા**

૧૧. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમેન ડેવલપમેન્ટ રિપોર્ટમાં માનવ વિકાસ ઈન્ડેકસમાં તૃતીય ક્રમે કયો દેશ છે?
➜ **સ્વિટ્ઝર્લેન્ડ**

૧૨. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમેન ડેવલપમેન્ટ રિપોર્ટમાં માનવ વિકાસ ઈન્ડેક્સમાં ચતુર્થ ક્રમે કયો દેશ છે?
➜ **નેધરલેન્ડ**

૧૩. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં શૂટર અભિનવ બિન્દ્રા એ કેટલા મીટર એર રાઈફલ શૂટીંગમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો?
➜ **૧૦ મીટર એર રાઇફલ**

૧૪. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં ૧૦ મીટર એર રાઈફલ શૂટીંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર અભિનય બિન્દ્રાએ કેટલો સ્કોર નોંધાવ્યો હતો?
➜ **૨૦૫.૩**

૧૫. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડી સુખેન ડે એ કઈ રમતમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો?
➜ **વેઇટ લિફ્ટિંગ**

૧૬. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડી મલાઈકા ગોયેલ એ કઈ રમતમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો?
➜ **શૂટીંગ**

૧૭. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડી ગણેશ માલીએ એ કઈ રમતમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો?
➜ **વેઇટ લિફ્ટિંગ**

૧૮. ૨૦૧૪માં કયા ખેલાડીને 'એમ્બેસેડર ઓફ ગુલવિલ પુરસ્કાર' આપી સન્માનિત કરવામાં આવ્યો હતો?
➜ **સાઇના નહેવાલ**

૧૯. ૨૦૧૪માં વિશ્વની કઈ સંસ્થામાં ઈઝરાયેલના વિરૂદ્ધમાં ગાજા મામલે પ્રસ્તાવતા પાસ કરવામાં આવ્યો હતો?
➜ **UNHRC**

૨૦. ૨૦૧૪માં તાઈવાનના દરિયા કિનારે કયા વાવાઝોડાએ તબાહી મચાવી હતી?
➜ **ટાયફૂન**

# વૈશ્વિક શિક્ષણના પાયામાં તો રહેલો છે ભારતીય સંસ્કૃતિનો વારસો

## ભારતનું વિભાજન અપ્રાકૃતિક છે અને ભારત પુનઃ અખંડ થઈને જ રહેશે : મહર્ષિ અરવિંદ ઘોષ

પાકિસ્તાનમાં ચર્ચા ચાલી રહી છે કે ઔરંગઝેબ (મુઘલ બાદશાહ) નહીં, પણ એણે જેને મોતને ઘાટ ઉતાર્યો હતો એ તેનો મોટો ભાઈ અને ઉપનિષદોનો ફારસી અનુવાદક દારા શિકોહ જ પાકિસ્તાનનો ખરો નાયક (હીરો) ગણાવો જોઈએ. ઈતિહાસકાર અયેશા જલાલ સહિતનાં પાકિસ્તાની મૂળનાં વિદ્વાનો માને છે કે ભારત અને ભારતીય સંસ્કૃતિ ભણી ઘૃણા ફેલાવતાં અને વિકૃત ઈતિહાસ ભણાવતાં પાઠ્યપુસ્તકો અંગે નવેસરથી વિચાર કરાય. નવેસરથી તટસ્થ દૃષ્ટિએ પાકિસ્તાનનો ઈતિહાસ લખાય અને વિદ્યાર્થીઓને ભણાવાય. મૌલાના આઝાદે ૧૯૪૬માં મુસ્લિમો માટે અલગ દેશ પાકિસ્તાન વાસ્તવમાં મુસ્લિમો માટે ઘાતક બનવાની ભવિષ્યવાણી કરતો જે ઈન્ટરવ્યૂ આપ્યો હતો એ પણ પાકિસ્તાનનાં પ્રસાર માધ્યમો અને વિદ્વાનોમાં ખૂબ ચર્ચાઈ રહ્યો છે. પાકિસ્તાન તક્ષશિલા વિશ્વવિદ્યાલયના વારસાનું જતન કરવા મેદાને પડ્યું છે. રામાયણયુગમાં પાંડવોના ગુપ્તવાસનું કેન્દ્ર બનેલા પ્રાચીન શિવમંદિર કટાસરાજનો એ જીર્ણોદ્ધાર કરાવે છે. લાહોર ભગવાન શ્રી રામના પુત્ર લવના નામે હોવાનો ગર્વ લેવામાં આવે છે. વધુમાં ત્યાં તાલિબાની આતંકવાદ સામે જંગ પણ ખેલાઈ રહ્યો છે.





બીજી બાજુ, આપણે ત્યાં ચર્ચા-વિવાદ જરા બીજી દિશા ભણી ફંટાઈ રહ્યો છે. ગત ૪ માર્ચે શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત જે નવ પુસ્તિકાઓનું લોકાર્પણ કર્યું અને એ પુસ્તિકાઓ ગુજરાતની ૪૨,૦૦૦ શાળાઓમાં વિદ્યાર્થીઓને વિનામૂલ્યે આપવાનો તેમજ આનુષાંગિક વાચનસામગ્રી તરીકે કે સંદર્ભગ્રંથ તરીકે ઉપયોગ કરવાનું સત્તાવાર રીતે જણાવાયું કે તૂર્ત જ મીડિયાએ કાગારોળ મચાવી. અંગ્રેજી અખબારે ઊંબાડિયું કર્યું, ટીવી ચૅનલોએ ઝીલ્યું અને વિદ્વત્‌જનોએ મીડિયા હેવાલોને આધારે આંધળેબહેરું કૂટ્યું.

ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર અને વારસાની ભવ્યતાને બાળકો સુધી સુપેરે પહોંચાડવાના આ પ્રયાસને વિવાદવંટોળમાં એટલી હદે સપડાવ્યો કે વિદ્યા ભારતી અને શિક્ષા બચાવો આંદોલનવાળા દીના નાથ બત્રાલિખિત માત્ર સાત પુસ્તિકાઓ હોવા છતાં બીજી બે 'તેજોમય ભારત' અને 'વૈદિક ગણિત'ને પણ એમના નામે ચડાવી દેવાઈ. વાસ્તવમાં 'તેજોમય ભારત'નું પ્રકાશન તો વર્ષ ૨૦૦૮માં શિક્ષણ અગ્રસચિવ તરીકે શ્રી હસમુખ અઢિયા હતા ત્યારે પાઠ્યપુસ્તક મંડળે કર્યું હતું. પાઠ્યપુસ્તક મંડળના વર્તમાન કાર્યવાહક પ્રમુખ ડૉ.નીતિન પેથાણી અને નિયામક ડૉ.ભરત પંડિતે તો આ પુસ્તિકાની સંવર્ધિત આવૃત્તિ જ ૨૦૧૪માં પ્રકાશિત કરી છે. આ પુસ્તકોને વડોદરા જેવી સંસ્કારનગરીમાં જાહેરમાં બાળવામાં આવે ત્યારે એ અટકચાળા પાછળ બુદ્ધિના દેવાળાનો પરિચય મળ્યા વિના રહેતો નથી.

સંઘ પરિવારની સંસ્થા વિદ્યા ભારતીના નેજા હેઠળ શ્રી ઋતા પરમાર, શ્રી બળદેવ ચૌહાણ, શ્રી રાજેશ મહેતા, શ્રી અવનિ ગઢિયા અને શ્રી રેવેન્દ્રસિંહ ઝાલાએ લેખન-સંપાદન કરેલા ૧૭૬ પાનાંના આ પુસ્તકની સમીક્ષા 'સાધના'ના પૂર્વ તંત્રીશ્રી વિષ્ણું પંડ્યા અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ-ગુજરાતના માર્ગદર્શક રહેલા શ્રી અરુણભાઈ યાર્દી ઉપરાંત શ્રી રેખાબહેન ચુડાસમાએ કરી છે. વિષય-સલાહકાર છે શ્રી હર્ષદ પ્ર. શાહ (બાળ વિશ્વવિદ્યાલયના કુલપતિ).

'ઈન્ડિયન ઍક્સપ્રેસ'નાં ઋતુ શર્માએ ૨૫ જુલાઈ ૨૦૧૪ના હેવાલમાં 'તેજોમય ભારત'ને બત્રાનું પુસ્તક ગણાવીને એના ૪૯મા પાના પર 'અખંડ ભારત'ની જે વાત કરી છે એ વિશે બફાટ કર્યો. હકીકતમાં પુસ્તક વાંચ્યા વિના કે પછી સમજ્યા વિના ઉભડક સંદર્ભો આપવામાંથી વિવાદ પ્રગટે છે. 'તેજોમય ભારત'માં સંબંધિત પાન પર નોંધવામાં આવેલી વાત આવી છે: 'બાલમિત્રો, તમને ભારતનું માનચિત્ર(નકશો) દોરવાનું કહેવામાં આવે તો ફટાફટ દોરી આપોને? તો દોરો ભારતનું માનચિત્ર. હવે તમારે જ ચૅક કરવાનું છે કે નીચેની બાબતો તમારા માનચિત્રમાં તમે દર્શાવી છે? (૧) પાકિસ્તાન (૨) અફઘાનિસ્તાન (૩) બાંગલાદેશ (૪) નેપાળ (૫) ભૂતાન (૬) તિબેટ (૭) બ્રહ્મદેશ (૮) શ્રીલંકા. એટલે કે ઉપર્યુક્ત દેશો પણ અખંડ ભારતના જ ભાગ છે એ તમને ખબર છે? ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ ભારત અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થયું, પણ એ ત્રણ ભાગમાં વિભાજિત થયું. પૂર્વ પાકિસ્તાન, પશ્ચિમ પાકિસ્તાન (અફઘાનિસ્તાન સહિત) અને શેષ ભારત ! એ પહેલાં સમય-સમય પર નેપાળ, ભૂતાન, તિબેટ, બ્રહ્મદેશ અને શ્રીલંકા પણ ભારતથી છૂટાં પડી ગયાં હતાં. ક્યાં આ બધા પ્રદેશો મળીને અખંડ ભારતનું માનચિત્ર અને ક્યાં આજનું સંકોચાઈ ગયેલું ભારત?' અહીં અફઘાનિસ્તાનનો ઉલ્લેખ પાકિસ્તાનના એ વેળાના વાયવ્ય પ્રાંત સંદર્ભે લાગે છે.




પુસ્તકમાં નોંધાયેલી ઉપરોક્ત વાતમાં ભૂલ કયાં છે એ જ સમજવું મુશ્કેલ છે. 'ભારત જગતનું પ્રાચીનતમ રાષ્ટ્ર છે અને હજારો વર્ષોથી તે એક રાષ્ટ્ર રહ્યું છે. રાષ્ટ્રની આ કલ્પના ભૂમિલક્ષી જ ન હતી, સંસ્કૃતિલક્ષી પણ હતી.' પૃષ્ઠ : ૫૦ પર લેખકોએ 'ભારત ફરી અખંડ થઈ જ શકે' એવા આશાવાદના ટેકામાં સરળ શૈલીમાં વિયેટનામ, કોરિયા અને જર્મનીના એકીકરણની વાત નોંધી છે. મહર્ષિ અરવિંદ ઘોષ 'ભારતનું વિભાજન અપ્રાકૃતિક છે અને ભારત પુનઃ અખંડ થઈને જ રહેશે.' એવી ભવિષ્યવાણી કરી હોવાની નોંધ પણ અહીં મૂકાઈ હોય તો પછી લેખકોને કઈ બ્રહ્મહત્યાનું પાપ લાગે?

'તેજોમય ભારત' વાસ્તવમાં એટલું અદ્‌ભુત પુસ્તક છે કે એને શાળાનાં બાળકોને જ નહીં, કૉલેજ કક્ષાએ પણ પાઠ્યપુસ્તક કે સંદર્ભગ્રંથ તરીકે દાખલ કરવાની જરૂર છે. અમારો વાંધો આવી મહામૂલી સામગ્રી મફતમાં ઉપલબ્ધ કરાવવાની સરકારી નીતિ સામે છે, કારણ મફતનું કોઈ મૂલ્ય નથી હોતું અને એને કોઈ ગંભીરતાથી લેતું નથી. આ પુસ્તકમાં શિક્ષણ મંત્રી શ્રી ચુડાસમાએ નોંધ્યું છે: 'વિદ્યા ભારતીના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ અને પાઠ્યપુસ્તક મંડળના ઉપક્રમે આ અગાઉ સને ૨૦૦૮માં પ્રસિદ્ધ કરવામાં આવેલ આ પુસ્તક (તેજોમય ભારત) પુનઃ સંવર્ધિત આવૃત્તિરૂપે સંશોધન સમિતિ, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરના સહયોગથી તૈયાર કરવામાં આવ્યું છે.' આમ છતાં સરકારના ઘણા વરિષ્ઠ અધિકારીઓને પણ 'તેજોમય ભારત' વિષયક વિવાદ પછી એ નવું જ "કાશન હોવાનું લાગ્યું એ દુઃખદ છે.

'તેજોમય ભારત'નાં દસ પ્રકરણ આ મુજબ છે: (૧) પુણ્યભૂમિ ભારત (૨) આધ્યાત્મિક ભારત (૩) અખંડ ભારત (૪) વિજ્ઞાનમય ભારત (૫) જ્ઞાનપુંજ ભારત (૬) નૈતિક ભારત (૭) સમર્થ ભારત (૮) સમરસ ભારત (૯) સાહિત્યિક ભારત (૧૦) કલામય ભારત.

'તેજોમય ભારત'ની સંવર્ધિત આવૃત્તિને આવકારતાં ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ નોંધેલા શબ્દો કાંઈક આવા છે: '' આજના જ્ઞાનવિસ્ફોટના યુગમાં તમામ દિશાઓમાંથી જ્ઞાન તથા આધુનિકીકરણનો ધસમસતો પ્રવાહ વહી રહ્યો છે. આવા સમયે પણ આપણો ભારતીય વારસો આ પ્રવાહો સામે નિર્મળ જ્ઞાનસાગર બનીને હિલોળા દઈ રહ્યો છે. આપણા રાષ્ટ્રનો મૂળસ્વભાવ જ એવો છે કે, જે પ્રાચીન પરંપરાઓ સાથે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખીને નવા દૃષ્ટિકોણ, નવી તરાહો સાથે તાદાત્મ્ય સાધી લે છે. આ તાદાત્મ્ય દ્વારા ભારત આજે પુનઃ જ્ઞાન, વિજ્ઞાન અને આર્થિક ક્ષેત્રે અગ્રણી બનવા જઈ રહ્યું છે.''

પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અભ્યાસીઓ માટે 'તેજોમય ભારત'માં રજૂ થયેલી ભવ્યતા કોઈ નવી વાત નથી, પરંતુ નવી પેઢીને એ હકીકતોથી વાકેફ કરવાનું આપણું દાયિત્વ ચુકાય તો અનર્થ સર્જાય. આજના કંબોડિયામાં અંગકોરવાટ જેવું વિશ્વનું ભવ્યતમ મંદિર ઊભું હોય તો એની વાત કરવામાં શરમ શાની?

વેદ, ઉપનિષદ, પુરાણો એ ભારતીય સંસ્કૃતિની ભવ્યતાનાં જ અંગ છે. 'વિષ્ણુપુરાણ'માંનો ભારત વર્ષનો શ્લોક અહીં ટાંકવામાં આવે તો ખોટું શું છે? 'વાયુપુરાણ'માં ભારતના છ દ્વીપોના વિસ્તારનો ઉલ્લેખ આવતો હોય તો શું એને ભૂંસી નાંખવો? વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિના પ્રભાવની વાત 'તેજોમય ભારત'માં થતી હોય તો એ તો પ્રત્યેક ભારતીય માટે ગૌરવની વાત છે. કદાચ એટલે જ વિશ્વના સૌથી મોટા ઈસ્લામી રાષ્ટ્ર ઈન્ડોનેશિયાના લોકો પોતાની સંસ્કૃતિને 'હિંદુ સંસ્કૃતિ' ગણાવવામાં આજેય ગૌરવ લે છે ત્યારે આપણા ઘરઆંગણે, ઘણાના નાકનાં ટેરવાં ચડતાં હોય તો એમાં વાંક

● અનુસંધાન પાના -૭ પર

**ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશ એ ત્રણ રાજ્યો છે, પણ આ ત્રણેય મળીને એક રાષ્ટ્ર છે : જયપ્રકાશ નારાયણ**